Received on : 10/03/2020 Accepted on : 20/03/2020 Publication Date: 31/03/2020

# દક્ષિણ ગુજરાતના ધોરણ 10 નાં વિદ્યાર્થીઓની હતાશા અને શૈક્ષણિક સિદ્ધિ નો અભ્યાસ

**[1] રણજીત. જે સોલંકી .** **[2] ડો.ઈન્તેખાબ અન્સારી.**
[1] પીએચ.ડી સ્કોલર & અધ્યાપક સહાયક [2] પીએચ.ડી માર્ગદર્શક - આસિસ્ટન્ટ પ્રોફેસર
[1] પી. ડી. માલવિયા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, (કૉલેજ ઑફ એજ્યુકેશન), ખરોડ, રાજકોટ
[2] વી.વી.પી એન્જિનિયરિંગ કોલેજ કેમ્પસ. તા -અંક્લેશ્વર વીરડા - વાજડી, કાલાવાડ રોડ. જિ –ભરુચ
Email – [1] ranjitsolanki81@gmail.com

**સારાંશ :** પ્રસ્તુત સંશોધન ધો ૧૦ નાં વિદ્યાર્થીઓ ની હતાશા અને શૈક્ષણિક સિદ્ધિ પર કરવામાં આવ્યો હતો. જેનાં માટે દક્ષિણ ગુજરાત વિસ્તાર ની ૨૬ શાળાઓ નાં ૧૧૦૧ કુમારો અને કન્યાઓ ને પસંદ કરવામાં આવ્યાં હતાં. પાત્રો ની પસંદગી યાદ્રિચ્છક રીતે કરવામાં આવી હતી. આ પાત્રો ની હતાશા જાણવા માટે સંશોધક રચિત હતાશા માપન ક્રમમાપદંડ તેમજ શૈક્ષણિક સિદ્ધિ ની માહિતી મેળવવા માટે ધો ૯ ની વાર્ષિક પરીક્ષાની ટકાવારી ને ધ્યાન માં લઈ માહિતી મેળવવામાં આવી હતી. મળેલ માહિતી ને વર્ગો માં વિભાજિત કરી spss પ્રોગ્રામ દ્વારા સરાસરી, પ્રમાણ વિચલન,પ્રમાણ ભૂલ અને ટી કસોટી જેવી અંકશાસ્ત્રીય પ્રયુક્તિ દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું હતું. સંશોધકે રચેલ શૂન્ય ઉત્કલ્પના નું પરિણામ ૦.૦૫ કક્ષા એ સાર્થક મળ્યું હતું. તેમજ હતાશા અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે ૦.૧૯ કક્ષા એ વિધાયક સાર્થક સહસંબંધ જોવા મળ્યો હતો. જેથી પરિણામ ને આધારે કહી શકાય કે વિદ્યાર્થીઓ ની હતાશા પર જાતિ ની અસર જોવા મળી હતી. અને હતાશા અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચે વિધાયક સહસંબંધ જોવા મળ્યો હતો.

**ચાવીરૂપ શબ્દો:** હતાશા અને શૈક્ષણિક સિદ્ધિ.

## ૧ પ્રસ્તાવના:

બાળકો ને જ્યારે લક્ષ પ્રાપ્ત થતું નથી, જરૂરિયાત જ્યારે સંતોષાતી નથી ત્યારે તે માનસિક તંગદિલી નો અનુભવ કરે છે, અને એના કારણે તેનામાં હતાશાનો ભાવ ઉત્પન્ન થાય છે. જેના કારણે શાળા શિક્ષણમાં પણ નકારત્મક અસર જોવા મળતી હશે.

શિક્ષણનો મુખ્ય હેતુ બાળકોના સર્વાંગી વિકાસ નો છે, ત્યારે શિક્ષણ સાથે સંકળાયેલ તમામ પાસા નો અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે, આ પાસાઓ માં બાળકો, શિક્ષકો, સમાજ, અભ્યાસક્રમ અને શાળાઓનો સમાવેશ થતો હોય છે, અને તેમાં મુખ્ય પાસા તરીકે શાળાઓમાં અભ્યાસ કરતા બાળકો છે. આ બાળકો નું વાતાવરણ અને પરિસ્થિતિ સાથે અનુકૂલન સાધવું ખૂબ જ જરૂરી છે, જો બાળક વાતાવરણ અને પરિસ્થિતિ સાથે અનુકૂલન ના સાધી શકે તો તેમનો વિકાસ રુંધાઈ જાય છે, જેનાં પરિણામે તેના અધ્યયન પર પણ નકારત્મક અસર જોઈ શકાય છે, અને તેના પરિણામે તેઓનું ભવિષ્ય ધૂંધળું થઈ જાય છે. વણકર, જે. આર અને અન્ય (૨૦૧૪), પાનસુરીયા, જે. કે (૨૦૦૯), ગજેરા, એમ. એન(૨૦૧૬) અને રાઠોડ, જે. કે નાં સંશોધન નાં પરિણામો પણ આ બાબત ની પુષ્ટિ કરે છે કે હતાશા અને શૈક્ષણિક સિદ્ધિ એ વિધાર્થી નાં જીવન પર અસર કરે છે. આમ સંશોધક નાં મન માં શાળા માં અભ્યાસ કરતાં બાળકો સંદર્ભે અનેક પ્રશ્નો ઉદભવ્યા હતાં.

## ૨ હેતુઓ :

દક્ષિણ ગુજરાત વિસ્તારનાં ધો ૧૦ નાં વિદ્યાર્થીઓની હતાશાનો જાતીયતાના સંદર્ભે અભ્યાસ કરવો તેમજ ધો ૧૦ નાં વિદ્યાર્થીઓની હતાશા અને શૈક્ષણિક સિદ્ધિ વચ્ચેનાં સંબંધ અંગે અભ્યાસ કરવો જેવાં હતાં.

## ૩ ઉત્કલ્પાના:

- ધો ૧૦ માં અભ્યાસ કરતાં કુમારો અને કન્યાઓ નાં હતાશા માપન ક્રમમાપદંડ પર મેળવેલ પ્રપ્તાંક વચ્ચે સાર્થક તફાવત નહીં હોય.
- ધો ૧૦ માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની હતાશા માપન ક્રમમાપદંડ પર અને શૈક્ષણિક સિદ્ધિ કસોટી પર મેળવેલ પ્રપ્તાંકો વચ્ચે સાર્થક સહસંબંધ નહીં હોય.

## ૪ ચાવીરૂપ શબ્દો ની પરિભાષા:

**હતાશા:**

પ્રસ્તુત સંશોધન અંતર્ગત હતાશા એટલે સંશોધક નિર્મિત હતાશા માપન ક્રમમાપદંડ પર દક્ષિણ ગુજરાત વિસ્તારની માધ્યમિક શાળાઓ નો ધો ૧૦ નાં વિદ્યાર્થીઓ પૈકી નમૂનામાં સમાયેલ પત્રોએ દર્શાવેલ પ્રતિચરના આધારે મળેલ પ્રાપ્તાંકો એવો અર્થ અભિપ્રેત હતો.

**શૈક્ષણિક સિદ્દિધ:**

પ્રસ્તુત સંશોધન અંતર્ગત શૈક્ષણિક સિદ્દિધ એટલે ધો ૧૦ નાં વિધાર્થીઓએ ધો ૯ માં દક્ષિણ ગુજરાત વિસ્તારની માધ્યમિક શાળામાં મેળવેલ પ્રાપ્તંકો નાં શતમાન એવો અર્થ સ્વીકારવામાં આવ્યો હતો.

**વ્યાપવિશ્વ અને નીદર્શ:**

પ્રસ્તુત સંશોધનમાં દક્ષિણ ગુજરાત વિસ્તારની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ધો ૧૦ નાં વર્ષ ૨૦૧૭-૧૮ નાં વિધાર્થીઓ ને વ્યાપવિશ્વ તરીકે સ્વીકારેલ હતું.

પ્રસ્તુત સંશોધનમાં દક્ષિણ ગુજરાત વિસ્તારની કુલ ૨૬ શાળાનાં કુમાર ૪૯૩ અને કન્યા ૬૦૯ એમ કુલ ૧૧૦૧ વિદ્યાર્થીઓને સ્તરિકૃત યાદચ્છિક રીતે નમૂનામાં પસંદ કર્યા હતા.

**સંશોધન પદ્દ્ધતિ:**

પ્રસ્તુત સંશોધનમાં ધો ૧૦ નાં વિદ્યાર્થીઓની હતાશા અને શૈક્ષણિક સિદ્દિધ નો અભ્યાસ કરવાનો હોવાથી સંપૂર્ણ પણે સર્વેક્ષણ પદ્ધતિ થી સંશોધન હાથ ધર્યું હતું.

**ઉપકરણ:**

પ્રસ્તુત સંશોધન મા વિદ્યાર્થીઓની હતાશા જાણવાની હોવાથી પાત્રો પાસેથી મહિતિ મેળવવા માટે સ્વ રચિત અપ્રમણીત હતાશા માપન ક્રમમાપદંડનો ઉપયોગ કર્યો હતો.જેની વિગત નિચે મુજબ હતી.
સંશોધકે નીચેના સોપાનોને ધ્યાનમાં રાખી હતાશા માપન ક્રમમાપદંડ ની સંરચના કરી હતી.

**સોપાન ૧.** હતાશા માપન ક્રમમાપદંડ ને સ્પર્શતા સંદર્ભ સાહિત્યનો ગહન અભ્યાસ.

**સોપાન ૨.** હતાશા માપન ક્રમમાપદંડ ની પ્રાથમિક સ્વરૂપ સંરચના.

**સોપાન ૩.** હતાશા માપન ક્રમમાપદંડ નાં પ્રાથમિક સ્વરૂપ અંગે તજજ્ઞિય અભિપ્રાયો.

**સોપાન ૪.** હતાશા માપન ક્રમમાપદંડ નાં દ્વિતીય સ્વરૂપની સંરચના.

**માહિતી એકત્રીકરણ:**

સંશોધકે સંપૂર્ણ પણે સ્તરીકૃત યાદચ્છિક થી પસંદ કરેલ નામુનાના પાત્રોને રૂબરૂ મળીને યોગ્ય સૂચનાઓ આપ્યા બાદ હતાશા માપન ક્રમમાપદંડ પર પ્રતિચરો આપવાનું સૂચવ્યું હતું, સંશોધકે માહિતી રૂબરૂ મળે તે માટે નાં પ્રયત્નો કર્યા હતાં.

**માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન:**

સંશોધકે મેળવેલ માહિતી ને વર્ગીકૃત કરી SPSS પ્રોગ્રામ દ્વારા સરાસરી, પ્રમાણ વિચલન, પ્રમાણ ભૂલ, સહસંબંધ અને ટી મૂલ્ય જેવી આંકડાકીય ગણતરી કર પૃથક્કરણ કર્યું હતું.

**ટેબલ નંબર -૦૧**

**હતાશા માપન ક્રમમાપદંડ પર કુમારો અને કન્યાઓએ મેળવેલ પ્રાપ્તાકો ની સરાસરીના તફવતની સાર્થક્તા દર્શાવતુ ટેબલ.**

| ઉપકરણ | જૂથ | સંખ્યા | સરાસરી | પ્રમાણ વિચલન | પ્રમાણ ભૂલ | ટી મૂલ્ય | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| હતાશા માપન ક્રમમાપદંડ | કુમાર | ૪૯૩ | ૧૭૨.૧૨ | ૨૩.૫૮ | ૧.૩૮ | ૨.૧૪ | Significant ૦.૦૫ |
| | કન્યા | ૬૦૮ | ૧૬૯.૧૫ | ૨૧.૮૩ | | | |

ટેબલ નંબર ૧ નું અવલોકન દર્શાવે છે કે કુમારો અને કન્યાઓ ની સરાસરી અનુક્રમે ૧૭૨.૧૨ અને ૧૬૯.૧૫ છે, તથા પ્રમાણ વિચલન ૨૩.૫૮ અને ૨૧.૮૩ છે, સરાસરી પ્રમાણ ભૂલ ૧.૩૮ છે, જેના આધારે સંશોધક દ્વારા ગણતરી કરવામાં આવેલ ટી મૂલ્ય ૨.૧૪ પ્રાપ્ત થયું હતું. જે સારણીયન મૂલ્ય ૦.૦૫ કક્ષાએ ૧.૯૬ કરતા વધારે છે, તેથી શૂન્ય ઉત્કલ્પના નો ૦.૦૫ કક્ષા એ અસ્વીકાર થયો હતો.પ્રાપ્તાકો ની તુલના કરતા સ્પસ્ટ થાય છે કે કન્યાઓ નાં પ્રાપ્તાકો ની સરાસરી કરતાં કુમારો નાં પ્રાપ્તાકો ની સરાસરી વધું છે. આમ, કહી શકાય કે ધો ૧૦ ની કન્યાઓ કરતાં કુમારો વધું હતાશા ધરાવે છે. વિદ્યાર્થી ની હતાશા પર જાતિ ની અસર જોવા મળી હતી.

**ટેબલ નંબર ૦૨**

**હતાશા માપન ક્રમમાપદંડ અને શૈક્ષણિક સિદ્દ્રિધ કસોટી પર કુમારો અને કન્યાઓએ મેળવેલ પ્રાપ્તાકો ની સરાસરી નો સહસબંધ દર્શાવતુ ટેબલ.**

| ઉપકરણ | સંખ્યા | મધ્યક | પ્રમાણ વિચલન | સહસબંધ |
|---|---|---|---|---|
| હતાશા માપન ક્રમમાપદંડ | ૧૧૦૧ | ૧૭૦.૪૮ | ૨૨.૬૭ | ૦.૧૯ |
| શૈક્ષણિક સિદ્દ્રિધ કસોટી | ૧૧૦૧ | ૬૮.૦૦ | ૧૩.૪૪ | |

- **સાર્થક્તા કક્ષા- ૦.૦૧**

ટેબલ નંબર ૦૨ નું અવલોકન દર્શાવે છે કે હતાશા માપન ક્રમમાપદંડ પર મેળવેલ પ્રાપ્તાકો અને શૈક્ષણિક સિદ્દ્રિધ કસોટી પર મેળવેલ પ્રાપ્તાકો વચ્ચે વિધાયક સાર્થક સહસંબંધ છે. આ બંને વચ્ચે નાં સહસંબંધ નું મૂલ્ય ૦.૧૯ છે જે નોંધ પાત્ર સહસંબંધ દર્શાવે છે. આમ, કહી શકાય કે હતાશા અને શૈક્ષણિક સિદ્દ્રિધ એકબીજા સાથે નોંધપાત્ર રીતે જોડાયેલ છે.

**તારણો:**

૧. ધો ૧૦ માં અભ્યાસ કરતાં કન્યાઓ ની તુલનામાં કુમારો વધું હતાશા અનુભવતા હતાં.

૨. એકંદરે હતાશા પ્રાપ્તાકો ઊંચા તેવા વિધાર્થીઓ ની શૈક્ષણિક સિદ્દ્રિધ નીચી હતી.

**સંદર્ભો:**

(૧) ઉચાટ, ડી.એ.(૨૦૦૪). સંશોધન દર્શન. રાજકોટ: પારસ પબ્લિકેશન.

(૨) ઉચટ, ડી.એ.(૨૦૦૯). શિક્ષણ અને સમાજિક વિજ્ઞાનોમા સંશોધન નુ પદ્દ્ધતિશાત્ર. અમદાવાદ: સહિત્ય મુદ્રણલય.

(૩) ગજેર, એમ. એન.(૨૦૧૬). મધ્યમિક શાલઓના વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ લક્ષણોંનો તેમની સ્વસંકલ્પના અને શૈક્ષણીક સિદ્દ્રિધના સંદર્ભ મા અભ્યાસ. શોધગંગા : ગુજરાત યુનિવર્સિટી.

(૪) પાનસુરિયા જિતેંદ્ર. કે.(૨૦૦૯). શાળાના શિક્ષકોની હતાશ,વ્યવસાય સંતોષ અને સમાયોજ નો અભ્યાસ. શોધગંગા: સૌરાસ્ટ્ર યુનિવર્સિટી.